ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૯/૦૬/૨૦૨૦

અધિસૂચના ક્રમાંક:ટીએફએસ/૧૧૨૦૧૮/૦૧/ઈ

આ વિભાગ હસ્તક ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ના કાર્યપાલક ઇજનેર (સિવિલ) સંવર્ગમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ પત્રકના આસન નંબર-૨ માં દર્શાવેલ કાર્યપાલક ઇજનેર (સિવિલ)ની બદલી કરીને આસન નં-૪માં દર્શાવેલ જગા ઉપર નિયુક્તિ આપવામાં આવે છે.

| ક્રમ | કાર્યપાલક ઇજનેર (સિવિલ) નું નામ | હાલની ફરજનું સ્થળ | બદલીથી નિયુક્તિવાળી જગા | બદલીનું કારણ (જાહેરહિત/ સ્વવિનંતીથી) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી ડી.સી.ગામીત | રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ હેઠળ રાજકોટ પંચાયત સિંચાઈ વિભાગ, રાજકોટ (બદલીના આદેશ હેઠળ) | ભાડભૂત યોજના વર્તુળ, ભરૂચ હેઠળ ભાડભૂત યોજના વિભાગ-૧, ભરૂચ | જાહેર હિતમાં |
| ૨ | શ્રી એસ.બી.દેશમુખ | ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ હેઠળ ક્ષાર અંકુશ વિભાગ, જામનગર (બદલીના આદેશ હેઠળ) | સુરત સિંચાઈ વર્તુળ, સુરત હેઠળ ડ્રેનેજ વિભાગ, નવસારી | સ્વવિનંતીથી |
| ૩ | શ્રી એસ.જી.પટેલ | રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ હેઠળ જુનાગઢ સિંચાઈ વિભાગ, જુનાગઢ | રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ હેઠળ રાજકોટ સિંચાઈ વિભાગ, રાજકોટ | જાહેર હિતમાં |
| ૪ | શ્રી એન.એ.ખાંટ | ભાડભૂત યોજના વર્તુળ, ભરૂચ હેઠળ ભાડભૂત યોજના વિભાગ-૧, ભરૂચ | પાનમ યોજના વર્તુળ, ગોધરા હેઠળ પાનમ યોજના વિભાગ, ગોધરા | જાહેર હિતમાં |
| ૫ | શ્રી જે.સી.ચૌધરી | સુરત સિંચાઈ વર્તુળ, સુરત હેઠળ ઉકાઈ જમણાકાંઠા નહેર સંશોધન વિભાગ, અંકલેશ્વર | સુરત સિંચાઈ વર્તુળ, સુરત હેઠળ સુરત નહેર વિભાગ, સુરત | સ્વવિનંતીથી |

૨. શ્રી એસ.જી.પટેલ, કાર્યપાલક ઈજનેર, જુનાગઢ સિંચાઈ વિભાગ, જુનાગઢને અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઈ વર્તુળએ તા.૩૧/૧૨/૨૦૧૯ના કાર્યાલય આદેશ ક:ઈ૩/પીએફ/૯૨૮થી કાર્યપાલક ઈજનેર, રાજકોટ સિંચાઈ વિભાગ, રાજકોટનો વધારાના હવાલો સોંપવાનો હુકમ કર્યો હતો, જેને વિભાગના તા.૧૧/૦૨/૨૦૨૦ના પત્ર.ક:

વહલ-૧૧૨૦૨૦-૦૧-ઈથી કાર્યપાલક ઈજનેર, રાજકોટ સિંચાઈ વિભાગ, રાજકોટનો વધારાના હવાલાને બહાલી આપવામાં આવેલ છે, તેમાંથી તેઓને મુક્ત કરવામાં આવે છે.

૩. શ્રી જે.સી.ચૌધરી, કાર્યપાલક ઈજનેર, ઉકાઈ જમણાકાંઠા નહેર સંશોધન વિભાગ, અંકલેશ્વરને અધિક્ષક ઈજનેરશ્રી, સુરત સિંચાઈ વર્તુળના તા.૩૦/૧૧/૨૦૧૯ ના કચેરી હુ.ક્ર:૧૬૭/૨૦૧૯થી સુરત સિંચાઈ વર્તુળ હેઠળના સુરત નહેર વિભાગ, સુરતનો વધારાનો હવાલો સોંપવામાં આવેલ છે, તેમાંથી તેઓને મુક્ત કરવામાં આવે છે. તેમજ જે તારીખથી તેઓ બદલીવાળી જગાએ હાજર થાય તે તારીખથી તેઓને કાર્યપાલક ઈજનેર, ઉકાઈ જમણાકાંઠા નહેર સંશોધન વિભાગ, અંકલેશ્વરનો વધારાનો હવાલો સંભાળવાનો રહેશે.

૪. શ્રી એસ.જી.પટેલ, કાર્યપાલક ઈજનેર બદલીવાળી જગા રાજકોટ સિંચાઈ વિભાગ, રાજકોટ ખાતે હાજર થાય તે તારીખથી તેઓને રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ હસ્તકના રાજકોટ સિંચાઈ યોજના વિભાગ, રાજકોટના કાર્યપાલક ઈજનેર તરીકેનો વધારાનો હવાલો સંભાળવાનો રહેશે. તથા તેમાંથી શ્રી એન.ડી.સોલંકી, કાર્યપાલક ઈજનેરને વધારાના હવાલામાંથી મુક્ત કરવામાં આવે છે. ઉપરાંત શ્રી એન.ડી.સોલંકી, કાર્યપાલક ઈજનેર, જુનાગઢ સિંચાઈ યોજના વિભાગએ રાજકોટ સિંચાઈ વર્તુળ હસ્તકના જુનાગઢ સિંચાઈ વિભાગ, જુનાગઢનો વધારાનો હવાલો સંભાળવાનો રહેશે.

૫. કાર્યપાલક ઇજનેરશ્રી(સિવિલ)ઓએ બદલીથી નિયુક્તિની જગા/સ્થળે તાત્કાલિક અસરથી હાજર થવાનું રહેશે તેમજ સંબંધિત સત્તાધિકારીએ તેઓને બદલીની જગાએ હાજર થવા તાત્કાલિક ફરજમુક્ત કરવાના રહેશે અને તેઓને ફરજમુક્ત કર્યાની તથા તેઓ હાજર થયાની જાણ તુરત જ આ વિભાગને કરવાની રહેશે તથા સ્વવિનંતીથી બદલીના કિસ્સામાં સંબંધિત અધિકારીને જોઈનીંગ ટાઈમ તથા બદલી પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની અનુમતિ મેળવ્યા બાદ રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ.જી.મહીડા)
નાયબ સચિવ,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

---

ક્રમાંક: ટીએફએસ/૧૧૨૦૧૮/૦૧/ઈ

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૯/૦૬/૨૦૨૦

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ (ગ-૨ શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સં), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- ખાસ સચિવશ્રી (જ.સં.), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (કલ્પસર), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી (સૌ.વિ.), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધીક્ષક ઇજનેરશ્રી, રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ
- અધીક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ
- અધીક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ
- અધીક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ
- અધીક્ષક ઇજનેરશ્રી, ભાડભૂત યોજના વર્તુળ, ભરૂચ
- અધીક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઈ વર્તુળ, સુરત
- અધીક્ષક ઇજનેરશ્રી, પાનમ યોજના વર્તુળ, ગોધરા
- સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી મારફત સંબંધિત વર્તુળ કચેરી
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી મારફત સંબંધિત વર્તુળ કચેરી
- સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર. (ઉક્ત અધિસૂચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા અને તેની નકલ આ વિભાગને મોકલી આપવા વિનંતી સહ)
- સેક્શન અધિકારીશ્રી, ઈ-૨/ઈ-૪/ઈ-૪ સેલ/ઈ-૬/ગ-૧/ગ-૨ શાખાઓ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, **HRMS Cell,** સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ

(વી.વી.સાણથરા)
ઉપસચિવ (સેવા),
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.